

૭૯મું સ્વાતંત્ર્ય પર્વ | ૨૦૨૫
૧૫ ઑગસ્ટ પોરબંદર
ગુજરાત સરકાર
સ્વાતંત્ર્ય પર્વની
સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...
માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
ગરિમામયી ઉપસ્થિતિમાં
રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ
તારીખ: ૧૫ ઑગસ્ટ-૨૦૨૫, શુક્રવાર, સવારે: ૯-૦૦ વાગે,
સ્થળ: શ્રી કે.એચ.માધવાણી આર્ટ્સ અને કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ,
પોરબંદર નેશનલ હાઈ-વે, એરપોર્ટ રોડ, પોરબંદર.
પ્રગતિનું પથદર્શક ગુજરાત
ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું ₹૩.૭૦ લાખ કરોડનું બજેટ
વિકસિત ગુજરાત ફંડ: ₹૫૦ હજાર કરોડની જોગવાઈ ગુજરાતને વિકાસની નવી ઊંચાઈ પર લઈ જશે
“પોષણ ભી, પઢાઈ ભી” ના મંત્રને સાકાર કરશે મુખ્યમંત્રી અલ્પાહાર યોજના
“મેદસ્વિતામુક્ત ગુજરાત” અભિયાન હેઠળ તમામ નાગરિકોના સ્વાસ્થ્યની દરકાર લેશે સરકાર
શહેરી વિકાસના સફળ ૨૦ વર્ષ : ૨૦૨૫ને ‘શહેરી વિકાસ વર્ષ’ તરીકે ઉજવાશે
પોરબંદરની ઐતિહાસિક ધરતી પર સ્વાતંત્ર્ય પર્વ

# નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈની આગેવાનીમાં વાપી શહેર ખાતે યોજાઈ ભવ્ય તિરંગા યાત્રા

## સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા



કમલમ્,વલસાડ

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની આગેવાનીમાં વાપી મહાનગરપાલિકા બન્યા બાદ પ્રથમવાર વાપી શહેરમાં શ્યામજીકૃષ્ણ વર્મા ચોક ખાતેથી 'હર ઘર તિરંગા-હર ઘર સ્વચ્છતા'ના ધ્યેય સાથે વાપી મહાનગરપાલિકા દ્વારા ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. મંત્રીશ્રીએ સૌપ્રથમ શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમાને ફુલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ મંત્રીશ્રી સાથે મહાનગરપાલિકા કમિશ્નરશ્રી યોગેશ ચૌધરી અને વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન પ્રમુખશ્રી સતિષભાઈ પટેલ સહિત મહાનુભાવોએ લીલી ઝંડી આપી તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યુંહતું. હજારોવાપીવાસીઓએ ઉપસ્થિત રહી સમગ્ર વાતાવરણને તિરંગામય બનાવ્યું હતું. હાજર લોકોએ હજારોતિરંગા લહેરાવીસમગ્ર શહેરને દેશભક્તિના રંગમાં રંગી દીધું હતું. તિરંગા યાત્રામાં પોલીસ અશ્વદળ, મોટરસાઈકલ દળ, વિવિધ પોલીસ પ્લાટૂન, હોમગાર્ડ, ગ્રામ રક્ષક દળ, ટ્રાફિક બ્રિગેડ, ફાયર બ્રિગેડ અને પોલીસ બેન્ડ તિરંગા સાથે સામેલ થયા હતા. એનસીસી અને એનએસએસના યુવા સભ્યોએ યુવા શક્તિનું પ્રદર્શન કર્યું હતું. શહેરની વિવિધ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષા તેમજ શાળા બેન્ડ સાથે યાત્રામાં જોડાઈને દેશભક્તિના નારાઓ લગાવ્યા હતા. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત હજારોની સંખ્યામાં લોકો તિરંગા યાત્રામાં જોડાયા હતા. તિરંગાયાત્રાયાત્રા શ્યામજીકૃષ્ણ વર્માચોકથી નીકળી વંદે માતરમ ચોક, માફાઉન્ડેશન સર્કલ, રોટરી સર્કલ થઈ શહીદ પ્રેમ કુમાર પાટીલ ઉદ્યાન પહોંચી હતી. કાર્યક્રમની શરૂઆતમાંઉપસ્થિત સૌએ ઘરે ઘરે તિરંગો લહેરાયઅને ઘરે ઘરે સ્વચ્છતાજાળવવા સ્વચ્છતાના સામૂહિક શપથ ગ્રહણ કર્યા હતા. યાત્રામાં વિવિધ સંગઠન પ્રમુખો, વાપીમહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાંનગરજનો જોડાયા હતા.

# સમગ્ર સૌરાષ્ટ્રમાં ખેતીવાડી વીજ પુરવઠાનો સમય ૨ કલાક વધારતા ખેતીવાડી વીજ વપરાશ દૈનિક ૪.૪ કરોડ યુનિટથી વધીને ૫.૨ કરોડ યુનિટ થયો :પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

## રાજ્યમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૮૫.૫૭ લાખ હેક્ટર નોર્મલ વાવેતર વિસ્તારની સામે કુલ ૭૪.૮૫ લાખ હેક્ટર એટલે કે ૮૭.૪૮ ટકામાં કૃષિ વાવેતર



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે રાજય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં વીજળી સંદર્ભે લેવાયેલામહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતીઆપતા પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશપટેલેજણાવ્યુંહતુ કે, ગત કેબિનેટ બ્રિફિંગમાં સૌરાષ્ટ્રના ખેડુતોને ૮ની જગ્યાએ ૧૦ કલાક વીજળી આપવાનો હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત તા.૦૯ઓગષ્ટ, ૨૦૨૫થી સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેતીવાડી વીજ પુરવઠો ૮ કલાકથી વધારી ૧૦ કલાકઆપવાની શરૂઆતપણ કરી દેવામાં આવી છે. જેના પરિણામે ખેતીવાડીવીજ વપરાશદૈનિક ૪.૪ કરોડ યુનિટથી વધીને ૫.૨ કરોડ યુનિટ જેટલો થયો છે. આ ખેડૂતલક્ષી નિર્ણયથી અંદાજે ૧૨ લાખખેતીવાડી કૃષિવીજ જોડાણોને લાભ મળીરહ્યો છે. વધુમાં પ્રવકતા મંત્રીશ્રીએ કહ્યુંહતું કે, આગામી તા. ૧૪ ઓગષ્ટથી મહેસાણા જિલ્લામાં પણ ખેતીવાડી વીજ પુરવઠો ૮ કલાકથી વધારીને ૧૦ કલાક આપવાનુંઆયોજન કરવામાં આવ્યું છે.

આ નિર્ણયથી મહેસાણા જિલ્લાના આશરે ૪૩ હજાર ખેતીવાડીકૃષિ વીજ જોડાણોને લાભ મળશે. રાજ્યમાં કૃષિ વાવેતરની સ્થિતિ અંગે પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશમાં, ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૮૫.૫૭ લાખ હેક્ટર નોર્મલ વાવેતર વિસ્તારની સામે કુલ ૭૪.૮૫ લાખ હેક્ટર એટલે કે ૮૭.૪૮ ટકામાં કૃષિ પાકોનું વાવેતર થયું છે. જેમાં તેલીબીયા પાકનુંવાવેતર ૨૬.૯૪લાખ હેક્ટર વિસ્તારમાં, મગફળીનું ૨૦.૫૪ લાખ હેક્ટરમાં, કપાસનું ૨૦.૫૮ લાખ હેક્ટરમાં, ધાન્ય પાકનું ૧૨.૮૮ લાખહેક્ટરમાં, ડાંગરનું ૮.૪૪ લાખ હેક્ટરમાં, મકાઈનું ૨.૭૨ લાખ હેક્ટરમાં, કઠોળ પાકનું૩.૪૮ લાખહેક્ટરમાં તેમજ ઘાસચારાનું વાવેતર ૮.૦૨ લાખ હેક્ટરમાંકરવામાં આવ્યું છે. આમ, ખરીફ ઋતુમાં હાલની સ્થિતી એ કૃષિ પાકોનું ખૂબ જ સારું વાવેતર નોંધાયેલછે, તેમમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.



કમલમ્,

**વલસાડ જિલ્લાના અબ્રામા ગામે આવેલાં પ્રાચીન અને પાવન શ્રી તડકેશ્વર મહાદેવ મંદિરના કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ને દર્શનનો અવસર મળ્યો. આશરે ૮૦૦ વર્ષ જૂનું આ મંદિર વાંકી નદીના કિનારે સ્થિત છે અને તેની ખાસિયત એ છે કે શિવલિંગ પર સીધા સૂર્યના કિરણો પડે છે, તેથી તેને "તડકેશ્વર" કહે છે. શિવલિંગના દર્શન કરીને શાંતિ અને ધાર્મિક ઊર્જાનો અનુભવ થયો. તેમજ સાહેબે સર્વના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.**



કમલમ્,

**સંતરામપુર તાલુકાના ગુવાલિયા ખાતે સ્વયંભુ મહાદેવ અને બળીયાદેવ મંદિરે કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે દર્શન કરી ધન્યતા અનુભવી.**

વલસાડમાં શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને રોજગાર મેળો યોજાયો

# આજે દુનિયા ઝડપથી બદલાઈ રહી છે, આપણા યુવાનો જાપાનીઝ સહિતની ફોરેન લેંગવેજ શીખે તે માટે પણ રાજ્ય સરકાર સક્રિય રીતે આગળ વધી રહી છેઃ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત

## વલસાડ જિલ્લાના યુવાનો હવે એઆઇ, ડ્રોન, ડેટા એનાલિસીસ, સોલાર, ઈ-વ્હીલકલ અને રોબોટ સહિતના કુલ નવા ૧૨ કોર્સ શીખશેઃ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત





**રોજગાર મેળામાં જિલ્લાની કુલ ૩૦ કંપનીમાં ખાલી ૨૦૦૦ જગ્યા માટે ભરતી મેળો યોજાયો**

કમલમ્,વલસાડ,

રાજ્યના ઉદ્યોગ,લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન અને શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લા રોજગાર કચેરીઅને ધરમપુર નગર રોજગાર કચેરીનાસંયુક્ત ઉપક્રમે રોજગારવાચ્છુ ઉમેદવારોને રોજગારીની તકો મળી રહે તેમજ નોકરીદાતાઓને તેમની માંગણી મુજબનું માનવબળ રહે તેવા શુભ આશયથી વલસાડની કસ્તુરબા હોસ્પિટલ પાસેરાજપુત સમાજના હોલમાં રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોજગાર મેળાને સંબોધન કરી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે યુવાઓને સંબોધી જણાવ્યું કે, રોજગાર ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં વિકાસ મોડલ દરેક ઉભરી રહ્યુ છે. દેશની મોટાગજાની ૫૦૦ ફેક્ટરીઓમાંથી ૧૦૦ ફેક્ટરીઓ ગુજરાતમાં છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ઉદ્યોગો સ્થપાય અને યુવાધનને રોજગારી મળે તે માટે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરાવી હતી. આ સિવાય વૈશ્વિક સ્તરે ગ્લોબલ સમિટ પણથઈ રહી છે. યુવાધનને સ્કીલબેઝ તાલીમમળે રહે તે માટે ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે. ઉદ્યોગો માટે સારામાં સારી પોલીસીઆવી રહીછે. વિદ્યાર્થીઓ સ્કીલ કેળવીનેપોતાના નાના મોટા સ્ટાર્ટઅપ શરૂ કરી પોતે આત્મનિર્ભર બને સાથેઅન્યને પણ રોજગાર આપીશકે તેમછે. જાપાન અને યુરોપ કન્ટ્રીઓ સ્કીલબેઝ સ્ટડી કરાવીરહીછે. આસંદર્ભે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજય છે કે જે, સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરીરહી છે. જેનાથી જે લોકોને જે પ્રમાણે રોજગારી જોઈએ તે પ્રમાણેનીસ્કિલ મળીરહેશે. આજે દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. આપણા યુવાનો જાપાનીઝ સહિતની ફોરેન લેંગવેજ શીખે તે માટે પણ રાજ્ય સરકારસક્રિય રીતે આગળ વધી રહી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આજે યુવાનો માટે પ્લેટફોર્મ તૈયાર છે. છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતમાં રોજગારનું પ્રમાણવધ્યુ છે. આજે હું ગર્વસાથે કહુછું કે, સમગ્ર દેશના જીડીપીના ગ્રોથમાં ગુજરાતનુ યોગદાન ૮.૩ ટકા છે. સમગ્ર દેશમાં ૩૩ટકાથી પણ વધુ નિકાસ ગુજરાતથી થઈ રહી છે. નિકાસ માટે ૧૮ ટકા ફેક્ટરી ઉત્પાદન ગુજરાતમાંથઈરહ્યુ છે.જેનાપગલે બેકારીદર પણઘટી રહ્યોછે. આજે કલ્પના ન થઈ શકે તેવુ વાતાવરણ યુવાધન માટે ગુજરાતમાં પેદા થયુ છે.સમગ્ર દેશમાંગુજરાત રોજગાર ક્ષેત્રે પ્રથમ ક્રમે રહ્યુ છે. રાજ્ય સરકારે આ ભરતીમેળામાં નોકરી દાતા અને નોકરી વાંચ્છુ ઉમેદવારોનું લિસ્ટ બનાવી દરેક લોકોને રોજગાર મળી રહે તે માટે પ્રયાસ કર્યા છે. પહેલા આઈટીઆઈમાં ચાર ટ્રેડ ચાલતા હતા ત્યારબાદ ૫૪ ટ્રેડ ચાલુ થયા અને આજે ૧૫૦થી વધુ ટ્રેડ ચાલી રહ્યા છે. કોઈપણ યુવાધન પાછળ ન રહી જાય તેની ચિંતા રાજય સરકારે કરી છે.દીર્ઘદ્રષ્ટી ધરાવતા આપણા વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૪૭ સુધીમાંભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો રોડમેપ તૈયાર કર્યો છે. વધુમાં તેમણે દીકરીઓને ડ્રોન શિક્ષણ મેળવવા પર ભાર મુકયો હતો. આગામી સમય આપણો આવવાનો છે. આપણે આત્મનિર્ભર બનવા જઈ રહ્યા છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વલસાડ-ડાંગના સાંસદશ્રી અને વલસાડ-ધરમપુર વિધાનસભાના ધારાસભ્યોશ્રીઓએ વલસાડ જિલ્લાના યુવાવર્ગને બદલાયેલા સમય મુજબ રોજગારી મળેરહે તે માટે નવા કોર્સશરૂ કરવાભલામણ કરી હતી જે અનુસંધાને આગામી સમયથી વલસાડ જિલ્લામાં એઆઈ, ડ્રોન, ડેટા એનાલિસીસ, સોલાર, ઈ-વ્હીલક અને રોબોટ સહિતના કુલ નવા ૧૨ કોર્સ શરૂ થવા જઈ રહ્યા છે. ૨૧મી સદીમાં વલસાડનું યુવાધન ડિજિટલ યુગ સાથે તાલ મેળવશે એવા પ્રયાસ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ થઈ રહ્યા છે. વધુમાં તેમણે યુવાનોને ૨૧મી સદીમાં આત્મનિર્ભર બનવા અને વડાપ્રધાનશ્રીના સપનાને સાકાર કરવા ભાગીદાર બનવા આહ્વાન કર્યુ હતું. આ રોજગાર મેળામાં કુલ



**આવનારો સમય આપણો આવવાનો હોવાનું જણાવી મંત્રીશ્રીએ દીકરીઓને ડ્રોન શિક્ષણ મેળવવા પર ભાર મુકયો**

૩૦ જેટલી કંપનીઓમાં ખાલી ૨૦૦૦ જેટલી જગ્યાઓ માટે ભરતી મેળોયોજાયો હતો. જે માટે ૮૦૦ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જેઓના ઈન્ટરવ્યુ લઈ નોકરી માટે પ્રાથમિક પસંદગી કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ રોજગાર મેળામાં વલસાડ-ડાંગના સાસંદશ્રીઅને લોકસભાના દંડકશ્રી ધવલભાઈ પટેલે અને વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે પ્રાંસગિક ઉદબોધન કર્યુ હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ, જિલ્લા સંગઠનના પ્રમુખશ્રી હેમંતભાઈ કંસારા, જિલ્લા સંગઠનના મહામંત્રીશ્રી કમલેશ પટેલ, જિલ્લાસંગઠનના ઉપપ્રમુખ જિનેશપટેલ, જિલ્લાઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર અને મદદનીશ ઉદ્યોગ કમિશનરશ્રી વાય.ટી.પાવાગઢી, જિલ્લા રોજગાર અધિકારી પારૂલપટેલ, ઔદ્યોગિક અને સ્વાસ્થ્ય વિભાગના નાયબ નિયામક એમ.સી.ગોહિલ અને મદદનીશ શ્રમ આયુક્ત જી.એમ.ભુટકા સહિત અધિકારીઓ-પદાધિકારીઓ અને નોકરીવાંચ્છુ ઉમેદવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન સુરત પ્રાદેશિક કચેરીના રોજગાર અધિકારી સી.જે.દવેએ કર્યુ હતું જ્યારે આભારવિધિ પારડી આઈટીઆઈના આચાયશ્રી વી.એ.ટંડેલે કરી હતી.



કમલમ્,

**તિરંગાના રંગોમાં વસેલું છે આપણું અભિમાન, 'હર ઘર તિરંગા-હર ઘર સ્વચ્છતા' થી બતાવો દેશભક્તિની ઓળખાણ. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જીના પ્રેરણાદાયક આહ્વાન પર 'હર ઘર તિરંગા-હર ઘર સ્વચ્છતા' અભિયાનમાં ભાગ લેતાં આજે ઘરે ગર્વથી તિરંગો ફરકાવ્યો.દરેક ઘરેથી લહેરાવે તિરંગો, દરેક દિલમાં હોય દેશનો પ્રેમ, આવો મળીને આ પાવન અભિયાનને સફળ બનાવીએ અને harghartiranga.com પર પોતાનો ફોટો શેર કરીએ.**



કમલમ્,

**સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના NSS વિભાગ દ્વારા ૧૪ ઓગસ્ટ, સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૨૦૦૦થી વધુ NSS વોલન્ટિયર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. યાત્રાની શરૂઆત યુનિવર્સિટી મેઇન ગેટ થી કરી મુખ્ય માર્ગો પરથી પસાર થઈ તિરંગાના ઝંડા અને દેશભક્તિના નાદ સાથે સમગ્ર વિસ્તારમાં દેશપ્રેમનો માહોલ સર્જાયો. "વંદે માતરમ" અને "ભારત માતા કી જય"ના નાદોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. આ પ્રસંગે યુનિવર્સિટી પ્રમુખશ્રી પ્રકાશ પટેલ, પ્રોવેસ્ટ ડો. પી. એમ. ઉદાણી, રજિસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, તમામ ડીન્સ, પ્રિન્સિપલ્સ તેમજ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની તમામ સંલગ્ન સંસ્થાના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા. આ તિરંગા યાત્રાનો હેતુ રાષ્ટ્રપ્રેમ, એકતા અને તિરંગાની મહિમાનો સંદેશ પ્રસરાવવાનો હતો, જે વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં દેશપ્રેમની ભાવના વધુ મજબૂત કરે છે.**